ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 15th March, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

..............................................................................., ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા શહેરના રાજ માર્ગ સરદારનગર વિસ્તારમાં

## પર્યાવરણ ચિંતન હેતુ 'ચકલી બચાવો મૌન રેલી' યોજાશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાન વિષયને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતિ લાવવા છેલ્લા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી માટે અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

જેના અનુસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આગામી તા. ૨૦ માર્ચ એટલેકે '**વિશ્વ ચકલી દિવસ**'ના દિવસની લોકોમાં પર્યાવરણ વિષે ચિંતન અને સમજણ લાવવાના હેતુથી 'ચકલી બચાવો મૌન રેલી'નું અયોજન થનાર છે. આ મૌન રેલી સરદારનગર અને રૂપાણી સર્કલના વિવિધ રહેણાકી વિસ્તારોમાંથી પસાર થઇ ઘર આંગણાનું લુપ્તતાના આરે ઉભેલું આપણું મિત્ર પક્ષી ચકલીને બચાવવા અને તેમના સંવર્ધન માટેનો સંદેશો લોકોના ઘરોમાં ગુંજતો કરશે.

પર્યાવરણપ્રેમીઓ દ્વારા મૌન રેલી પૂર્ણ થયા બાદ સરદારનગર સર્કલની ચારેય બાજુએ '**માનવ સાંકળ**' રચી પસાર થતા રાહદારીઓને બેનરો, પોસ્ટરો દ્વારા ચકલીના સંવર્ધન માટેનો સંદેશો પોચાડવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવેશે. ઉપરાંત સરદારનગર ખાતે **ફોટો પ્રદર્શન** અને **ચકલીની વિવિધ ડોક્યુમેન્ટ્રીનું LED દ્વારા પ્રદર્શન** યોજવામાં આવશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ભાવનગર શહેર અને જીલ્લાના પર્યાવરણ પ્રેમી મિત્રોને જોડવા માટેનું આમંત્રણ લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન દ્વારા પાઠવામાં આવેલ છે.

15.3.17

(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.